# ગૂજરાત વિદ્યાપીઠ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી, જિ. વલસાડ

તા. ૦૧/૧૦/૨૦૨૧

## જંતુનાશક વિક્રેતાઓ માટે સર્ટિફિકેટ કોર્સ અંગે જાહેરાત

ભારત સરકારશ્રી દ્વારા Insecticides (Amendment) Rules, 2020 થી જંતુનાશક દવા નિયમો, ૧૯૭૧ અંતર્ગત જંતુનાશક વિક્રેતાઓ માટે જરૂરી શૈક્ષણિક પાત્રતા બાબતે G.S.R.07(E) , Dated 02/01/2020 થી સુધારા કરેલ છે. જે અન્વયે **કૃષિ વિજ્ઞાન કેન્દ્ર - અંભેટી** ખાતે ફક્ત વલસાડ જિલ્લાના **જંતુનાશક દવાના લાયસન્સ ધરાવતા વિક્રેતાઓ** માટે ૧૨ દિવસનો **સર્ટિફિકેટ** કોર્સ “12 days Certificate Course on Insecticides Management for insecticide/pesticides dealers/distributors” શરુ કરવાનું આયોજન છે. જેમાં ઉમેદવાર ઇન્સેક્ટીસાઈડ્સ ડીલર/ ડિસ્ટ્રીબ્યુટર્સ હોવા જોઇએ. ( નોટીફીકેશન નંબર જીએસઆર ૧૦૬ (ઇ) તારીખ ૦૧/૦૨/૨૦૧૭ ઇસ્યુ અંડર ધ ઇન્સેક્ટીસાઇડ્સ રૂલ ૧૯૭૧ મુજબ, ૧, ફેબ્રુઆરી, ૨૦૧૭ ના રોજ પહેલાના લાઇસન્સ ધારક માટે). સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ કોર્સનો સમયગાળો અઠવાડિયામાં એક દિવસ પ્રમાણે કુલ ૧૨ અઠવાડિયા (ત્રણ માસ) નો રહેશે. જેની કોર્સ ફી **રૂ. ૭૬૦૦/-** ડીડી થી ભરવાની રહેશે. કોર્સમાં જોડાવા ઇચ્છુક વિક્રેતાઓએ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. નિયત અરજીપત્રક કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી ખાતેથી મળશે અથવા કેન્દ્રની વેબસાઇટ www.kvkvalsad.org પરથી ન્યુઝ કોલમમાંથી ડાઉનલોડ કરી શકાશે. ભરેલ અરજીપત્રક કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી, વાયા. વાપી, તા. કપરાડા, જિ. વલસાડ પીન. ૩૯૬૧૯૧ ખાતે મોકલવાનું રહેશે. વહેલા તે પહેલાના ધોરણે ૪૦ તાલીમાર્થીઓની બેચ થયા પછી કોર્સ શરુ કરવામાં આવશે. કોર્સ માટે પ્રવેશ (Admission) આપવા માટેનો આખરી નિર્ણય સંસ્થા (કૃષિ વિજ્ઞાન કેન્દ્ર)નો રહેશે. આ કોર્સની ગાઇડલાઇન અને નિતિ નિયમો નીચે જણાવેલ છે. વધુ જાણકારી માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી (Email – kvkvalsad@gmail.com અથવા મો. 9426889148) નો સંપર્ક કરવો.

(આર.એફ. ઠાકોર)
સીનીયર સાયન્ટીસ્ટ એન્ડ હેડ

## "સર્ટીફિકેટ કોર્ષ ઑન ઇન્સેક્ટીસાઇડ મેનેજમેન્ટ ફોર ઇન્સેક્ટીસાઇડ્સ ડીલર્સ/ડીસ્ટ્રીબ્યુટર્સ"

## ગાઇડલાઇન અને નિતિ નિયમો

ખેતી એ ભારત દેશના લોકોનો મુખ્ય વ્યવસાય છે. આધુનિક ખેત ઉત્પાદનની સાથે સાથે તેની બજાર વ્યવસ્થા પણ એટલી જ મહત્વની છે. ખેડુત જુદા જુદા માધ્યમ દ્વારા ખેતી વિષયક માહિતી મેળવે છે, જેમાં જંતુનાશકોનું વેચાણ કરતાં ઇનપુટ ડીલર્સની ખાસ ભુમિકા હોય છે.આપણા દેશમાં લગભગ ૩ લાખ જેટલા ઇનપુટ ડીલર્સનું નેટવર્ક છે, જે ખેડુતો માટે ખેતીને લગતી સલાહ અને માર્ગદર્શનનો સ્ત્રોત પૂરવાર થાય તેમ છે. જો આ ઇન્સેક્ટીસાઇડ્સ ડીલરોને યોગ્ય રીતે તાલીમ આપવામાં આવે તો તે રાજ્ય અને રાષ્ટ્રની ખેતીના વિકાસમાં મહત્વનો ફાળો આપી શકે તેમ છે. ભારત સરકારશ્રી દ્વારા Insecticides (Amendment) Rules, 2020 થી જંતુનાશક દવા નિયમો, ૧૯૭૧ અંતર્ગત જંતુનાશક દવાના વિક્રેતાઓ માટે જરૂરી શૈક્ષણિક પાત્રતા બાબતે G.S.R.07(E) , Dated 02/01/2020 થી સુધારા કરેલ છે. જે અંતર્ગત જૂના લાઇસન્સ ધરાવતા વિક્રેતાઓ માટે ૧૨ દિવસીય "સર્ટીફિકેટ કોર્ષ ઑન ઇન્સેક્ટીસાઇડ મેનેજમેન્ટ ફોર ઇન્સેક્ટીસાઇડ્સ ડીલર્સ/ડીસ્ટ્રીબ્યુટર્સ" જરૂરી છે. વધુમાં, ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હીના તા. ૩૧-૦૮-૨૦૧૮ના પત્રમાં જણાવ્યા મુજબ જંતુનાશક દવાઓના વિક્રેતાઓ માટે રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ખાતે આ સર્ટીફિકેટ કોર્ષ શરુ કરી શકાશે.

**મિશન –**

તાલીમાર્થીઓ (ડીલર્સ/ડીસ્ટ્રીબ્યુટર્સ/રીટેઇલર્સ) ને ઇન્સેક્ટીસાઇડ્સના વેચાણ અંગે જરૂરી અદ્યતન શિક્ષણથી સજ્જ કરવા, જેથી વ્યવસાયિક હરિફાઇ સાથે તેઓ ખેડુતોને માહિતી સભર સેવા આપી શકે.

**અભ્યાસક્રમની પધ્ધતિ -**

1) એક બેચમાં તાલીમાર્થીઓની સંખ્યા ૪૦ ની રહેશે અને પ્રતિ તાલીમાર્થી અભ્યાસની ફી રૂ. ૭૬૦૦/- રહેશે.
2) પુરતી સંખ્યામાં અરજીઓ મળ્યા બાદ પ્રવેશ પ્રક્રિયા માટે રૂબરૂ મુલાકાત ગોઠવવામાં આવશે જેમાં ઉમેદવારે સ્વ ખર્ચે ઉપસ્થિત રહેવું પડશે. પસંદગી પામનાર ઉમેદવારે દિન ૭ માં ફી. રૂ. ૭૬૦૦/- ડીડીથી ભરવાની રહેશે.
3) કોર્સનું મોનીટરીંગ National Institute of Plant Health Management (NIPHM),Hyderabad દ્વારા થશે.
4) કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે તાલીમ અઠવાડિયામાં એક દિવસ મુજબ કુલ ૧૨ દિવસ (૭૨ કલાક) ગોઠવાશે.
5) આ સાથે સામેલ પરિશિષ્ઠ મુજબ થિયરી તથા પ્રયોગિક કાર્ય દ્વારા સમજ આપવામાં આવશે.
6) ઉમેદવાર ઇન્સેક્ટીસાઈડ્સ ડીલર/ ડિસ્ટ્રીબ્યુટર્સ હોવા જોઇએ. ( નોટીફીકેશન નંબર જીએસઆર ૧૦૬ (ઇ) તારીખ ૦૧/૦૨/૨૦૧૭ ઇસ્યુ અંડર ધ ઇન્સેક્ટીસાઇડ્સ રૂલ ૧૯૭૧ મુજબ, ૧, ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ પહેલાના લાઇસન્સ ધારક માટે)
7) અભ્યાસક્રમ, હાજરી અને મુલ્યાંકનના નિયમો સામેલ પરિશિષ્ઠ મુજબ રહેશે.

# પરિશિષ્ટ

## ૧૨ દિવસીય “સર્ટીફિકેટ કોર્ષ ઑન ઇન્સેક્ટીસાઇડ મેનેજમેન્ટ ફોર ઇન્સેક્ટીસાઇડ્સ ડીલર્સ/ડીસ્ટ્રીબ્યુટર્સ” અભ્યાસક્રમના હાજરી અને મૂલ્યાંકનના નિયમો

---

1. “સર્ટીફિકેટ કોર્ષ ઑન ઇન્સેક્ટીસાઇડ મેનેજમેન્ટ ફોર ઇન્સેક્ટીસાઇડ્સ ડીલર્સ/ડીસ્ટ્રીબ્યુટર્સ” તાલીમ વર્ગમાં પ્રવેશ મેળવતાં દરેક તાલીમાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવા માટે સૈધ્ધાંતિક અને પ્રાયોગિક બંનેમાં ઓછામાં ઓછી ૮૦% હાજરી જરૂરી રહેશે.
2. માંદગી સબબ તાલીમાર્થી ૮૦% હાજરી પુરી કરવામાં નિષ્ફળ જાય તો તેવા સંજોગોમાં તાલીમાર્થી અંતિમ પરીક્ષા આપી શકે નહી તેણે ત્યાર પછીની બેચમાં નવેસરથી વધારાના તાલીમાર્થી તરીકે સ્વ ખર્ચે તાલીમ પૂર્ણ કરવાની રહેશે.
3. દરેક તાલીમ વર્ગમાં એક આંતરિક અને એક અંતિમ કસોટી લેવામાં આવશે. જેમાં આંતરિક કસોટી તાલીમ દરમ્યાન અને અંતિમ કસોટી તાલીમ વર્ગના અંતિમ દિવસોમાં લેવામાં આવશે.
4. માંદગી અથવા તો કોઇ ખાસ અનિવાર્ય કારણો સિવાય તાલીમાર્થી આંતરિક પરીક્ષામાં ગેરહાજર રહે તો તે તાલીમાર્થીની પાછળથી પરીક્ષા લેવામાં આવશે નહી, જો કે માંદગી સબબ અથવા ખાસ અનિવાર્ય પ્રકારના કારણોથી તાલીમાર્થી આંતરિક પરીક્ષામાં ગેરહાજર રહે તો તે તાલીમાર્થીની પરીક્ષા ઑથોરીટીની મંજૂરી મેળવ્યા બાદ લેવામાં આવશે.
5. તાલીમાર્થીઓને અભ્યાસક્રમ સફળતાપૂર્વક પાસ કરવા માટે ઓછામાં ઓછા ૪૦% ગુણ મેળવવાના રહેશે.

| ક્રમ | વિગત (વર્ગ) | માર્કસ |
|---|---|---|
| ૧ | પાસ | ૪૦-<૬૦ |
| ૨ | ફર્સ્ટ ક્લાસ | ૬૦-૮૦ |
| ૩ | ડિસ્ટીંક્શન | >૮૦ |

6. જે તે તાલીમવર્ગમાં નાપસ થનાર તાલીમાર્થીઓની ફરીથી પરીક્ષા લેવામાં આવશે નહી, પરંતુ ત્યાર પછીની બેચની પરીક્ષામાં તેઓએ પરીક્ષા આપવાની રહેશે. આ પ્રમાણે તાલીમાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવાની કુલ બે તક આપવામાં આવશે. જો બીજી વખત પણ પાસ ના થાય તો પરીક્ષા ફરીથી લેવામાં આવશે નહીં.
7. તાલીમાર્થીઓનું નીચે મુજબ મુલ્યાંકન કરવામાં આવશે.

| ક્રમ | વિગત | માર્કસ |
|---|---|---|
| ૧ | અંતિમ કસોટી | ૫૦ |
| ૨ | આંતરિક કસોટી અને વાઇવા વોઇસ | ૫૦ |
|  | કુલ | ૧૦૦ |

## **“સર્ટીફિકેટ કોર્ષ ઑન ઇન્સેક્ટીસાઇડ મેનેજમેન્ટ” અભ્યાસક્રમ**

સમયગાળો – ૧૨ દિવસ (૭૨ કલાક) ( ૬ કલાક/દિવસ/અઠવાડિયા) (૩૬ વ્યાખ્યાન + ૩૬ પ્રયોગિક)

**(અ) સૈધ્ધાંતિક (થીયરી) : વ્યાખ્યાનનો વિષય અને વ્યાખ્યાનની સંખ્યા :**

| અ.નં. | વિષય | વ્યાખ્યાનની સંખ્યા |
|---|---|---|
| ૧ | મુખ્ય નીંદણ છોડ, જીવાતો અને રોગોની ઓળખ, સમગ્ર સ્પર્ધામાં જીવાતોને લીધે હરીફાઇની ગતિશીલતા અને ઉત્પાદનમાં નુકશાન | ૩ |
| ૨ | જીવાત નિયંત્રણના સિધ્ધાંતો, EIL, ETL, IPM, ICM અને GAP અને જીવાતોમાં પુનરુત્થાન અને પ્રતિકારક્તા | ૨ |
| ૩ | નીંદણ, જંતુઓ અને પાકના રોગોના વ્યવસ્થાપન વિશે સંક્ષિપ્તમાં અભ્યાસ | ૩ |
| ૪ | જંતુનાશકોની માત્રા, સમય અને વપરાશનો સંક્ષિપ્તમાં અભ્યાસ | ૨ |
| ૫ | એગ્રોકેમિકલના વર્ગીકરણનો પરિચય, માઇક્રોબિયલ, જૈવિક પાકસંરક્ષણ ઉત્પાદનો | ૨ |
| ૬ | વપરાશ માટે ભલામણ થયેલ નવા જંતુનાશકોનું અસર કરવાની રીત, પ્રવેશ, રચનાના પ્રકાર અને પરમાણુઓના આધારે વર્ગીકરણ | ૩ |
| ૭ | જંતુનાશક મિશ્રણની સુસંગતતા, જંતુનાશકો માટે ડોઝ અને ડોઝની સંખ્યાત્મક અને ઉપયોગથી થનાર ખર્ચની ગણતરી | ૨ |
| ૮ | જંતુનાશક ઉપકરણો, આપવાના પ્રકારો, સ્પ્રેયર્સ. સ્પ્રે નોઝલ, સ્પ્રે વોલ્યુમો પર અભ્યાસ | ૧ |
| ૯ | મહત્તમ કવરેજ માટે જંતુનાશક દવાઓના સલામત ઉપયોગનો અભ્યાસ | ૨ |
| ૧૦ | જંતુનાશકની ઝેરી અસર નિવારવાના પ્રાથમિક ઉપચાર | ૧ |
| ૧૧ | બિન-લક્ષ્ય જીવો પરાગ રજકો, કુદરતી દુશ્મનોની સલામતી માટે જંતુનાશકોનો સંક્ષિપ્તમાં અભ્યાસ | ૨ |
| ૧૨ | જૈવિક નિયંત્રકોના મોટા પાયે ઉત્પાદનની તાંત્રિક્તા અને ઉપયોગની રીત | ૧ |
| ૧૩ | નીંદણનાશક દવાઓ, જંતુનાશકો, ફૂગનાશકો, છોડના વિકાસ માટેના પ્રમોટરો વગેરેની ઓળખ અને ઉપયોગ અંગેના સંક્ષિપ્તમાં વર્ણન | ૨ |
| ૧૪ | જંતુનાશક અધિનિયમનો ૧૯૬૮ નિયમોની સંક્ષિપ્તમાં જાણકારી | ૨ |
| ૧૫ | નોંધણી બોર્ડ અને બોર્ડની મહત્તાનો ટૂંકમાં અભ્યાસ | ૧ |
| ૧૬ | ખાધ્ય પદાર્થમાં જંતુનાશકના અવશેષો અને નિવારવાના ઉપાયો (એમ.આર.એલ.એસ., એડીઆઇ વગેરે જેવા સલામતીની ચિંતા અંગેનો અભ્યાસ) | ૧ |
| ૧૭ | લેબલ્સના કોષ્ટકો, પત્રિકાઓ, મિસબ્રાન્ડેડ, સ્પુરીયસ પેસ્ટીસાઇડ્સ પર અભ્યાસ | ૨ |
| ૧૮ | ડીલરો/ડિસ્ટ્રીબ્યુટર અને ઉત્પાદકોની જવાબદારી વિશે સંક્ષિપ્તમાં અભ્યાસ | ૨ |
| ૧૯ | અનાજસંગ્રહ દરમ્યાન અને ઘરમાં જોવા મળતી જીવાતોમાં અભ્યાસ | ૧ |
| ૨૦ | નવા વર્ગનાં જંતુનાશકો અને તેની અસર કરવાની રીતનો ટૂંક અભ્યાસ | ૧ |
| | કુલ | ૩૬ |

(બ) પ્રાયોગિક (દરેકના બે કલાક)

| અ.નં. | વિષય | પ્રયોગિકની સંખ્યા |
|---|---|---|
| ૧ | મુખ્ય નીંદણ, જીવાતો અને રોગોની ઓળખ અને સંગ્રહ | ૩ |
| ૨ | નીંદણનાશક દવાઓ, જંતુનાશકો, ફૂગનાશકો, છોડના વિકાસના પ્રમોટરો વગેરેની ઓળખ | ૨ |
| ૩ | જંતુનાશક દવાઓના ફોર્મ્યુલેશનના આધારે પ્રકારો અને ઝેરી અસર કરવાની રીત | ૨ |
| ૪ | જંતુનાશક દવાઓના ઉપયોગ માટેના સાધનોની ઓળખ અને જંતુનાશકોના ઉપયોગ વખતે લેવાની સાવચેતી | ૨ |
| ૫ | સ્પ્રેયર્સ, ડસ્ટર, નોઝલ વગેરે જેવા જંતુનાશક ઉપકરણો પર પ્રાયોગિક અભ્યાસ | ૨ |
| ૬ | જંતુનાશકોના ડોઝ/ ડોઝની ગણતરી પર પ્રાયોગિક અભ્યાસ | ૧ |
| ૭ | જીવાતના કુદરતી દુશ્મનો અને પરાગરજકોનું વહન કરનાર વગેરેના સંગ્રહ અને ઓળખ પર અભ્યાસ | ૨ |
| ૮ | વપરાશ પછી કન્ટેનરનો સલામત નિકાલ અને જંતુનાશક તત્વોને દૂર કરવા માટેનાં ઘરગથ્થું ઉપાયો | ૧ |
| ૯ | ઝેરની માત્રા – ત્રિકોણ, લેબલ્સ, પત્રિકાઓ અને જંતુનાશક દવાઓની પ્રથમિક સારવાર માટેના ઉપાયો | ૨ |
| ૧૦ | બનાવટી, નકલી, ખોટા જંતુનાશકોની ઓળખ માટેનો અભ્યાસ | ૧ |
| | કુલ | ૩૬ |